# Mark Scheme (Results)

## Summer 2022

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0/1F)
Paper 1: Listening (Foundation Tier)

# GCSE June 2022 Gujarati Foundation tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

**SECTION A**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1** | B E G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(i)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(ii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(iii)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(Adeel)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Mila)** | F | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Rupesh)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Rupa)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Manan)** | G | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Amina)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(a)** | Accept any **two** answers<br>Communication<br>**OR**<br>Entertainment<br>**OR**<br>Playing games | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(b)** | Obtain information online | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(c)** | Provides information with less effort<br>**OR**<br>Provides information promptly | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(a)** | presentation | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | hilarious<br>**AND**<br>wellbeing<br>(Answers need to be in the same order) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7** | A D F | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)** | To save the environment | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)** | Saving on outside catering cost<br>**AND**<br>Saving on petrol cost | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(i)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(ii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(iii)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(iv)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(a)** | To keep healthy | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(b)** | Cruising holidays | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(c)** | Accept any **one** answer<br>Voluntary work<br>**OR**<br>Helping people | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(d)** | Enjoy watching animals (in natural surroundings) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **11** | A E G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(a)** | Students | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(b)** | To understand teacher’s efforts<br>**AND**<br>To thank teachers | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(c)** | Accept any **one** answer<br>Sing songs<br>**OR**<br>Perform dances<br>**OR**<br>Take part in sport competitions | **(1)** |

**SECTION B**

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(a) | તાલીમ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(b) | સરળ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(c) | ફિકર | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(d) | દુર્ઘટના | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(e) | અંતર | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(a) | રોજગારી | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(b) | રોજગારી | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(c) | ગોઠવણી | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(d) | પ્રગતિ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(e) | સમજણ | (1) |

# Transcript

## Summer 2022

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0) Paper 1F

## SECTION A

## Celebrating success

**Question 1**

**Example:**

**F1:** નિશાળના વાર્ષિક દિવસે હરીફાઈઓનાં પરિણામ વિશે આચાર્યએ જાહેરાત કરી.

**Question 1**

**F1:** ગણિતની સ્પર્ધા જીતવા બદલ તેમણે મારા ખૂબ વખાણ કર્યા.

**F1:** ઇનામમાં મને પ્રમાણપત્ર મળ્યું અને રોકડ રકમ પણ મળી.

**F1**: મારાં માતાપિતા ખૂબ જ ખુશ છે.

## The *Pushkar* Camel Fair

**Question 2**

**Example:**

**M1:** દર વર્ષે *રાજસ્થાન*ના *પુષ્કર* શહેરમાં આયોજાતો ઊંટનો મેળો વિશ્વભરના પ્રવાસીઓ માટે બહુ જ પ્રખ્યાત છે.

**Question 2 Part (i)**

**M1:** **મેળાની** શરૂઆત પરંપરાગત રીતે સજાવેલાં ઊંટની દોડથી કરવામાં આવે છે.

**Question 2 Part (ii)**

**M1:** દોડમાં, ઊંટોને તાલીમ આપનારાઓ ઊંટસવારીની અદ્ભુત કળા બતાવે છે.

**Question 2 Part (iii)**

**M1:** **આ મેળામાં** સાંસ્કૃતિક કાર્યક્રમો પણ જોવાલાયક હોય છે.

## Childhood memories

**Question 3**

**Example:**

**F1:** આદીલ, તારા બાળપણ વિશે મને કહે.

**M1**: મેં મારું બાળપણ ગુજરાતનાં એક નાના ગામડામાં પસાર કર્યું હતું.

**Question 3**

**M1:** હું સૌને ખૂબ સતાવતો પણ હસમુખો હોવાથી બધાને ગમતો.

**F1:** મીલા, તું કહે.

**F2:** હું બધાની નકલ કરતી. ખાસ કરીને, મારા દાદાજી અને શિક્ષક જે રીતે ચાલતા અને બોલતા તેની.

**F1:** અને રૂપેશ તું?

**M2:** મને મિત્રો સાથે ખેતરોમાં રમવાની શું મજા પડતી!

## Plans for good causes

**Question 4**

**Example:**

**F2:** હું રૂપા. દુનિયાના બધા લોકો સારું જીવન જીવી શકે તેથી આપણે તેઓને મદદ કરવી જોઈએ.

**Question 4**

**F2:** આપણે એક સેવાભાવી સંસ્થા સાથે જોડાઈને સ્વયંસેવા આપી શકીએ.

**M2:** હું મનન. કોઈ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન ગોઠવીને પૈસા ભેગા કરીએ, તો વિવિધ દેશો વિશે કેટલું જાણવા મળે! અમીના, તું શું વિચારે છે?

**F1:** આપણે પુસ્તકો, કપડાં અને રમતગમતની વસ્તુઓ ભેગી કરી, જરૂરિયાતમંદ બાળકોને મોકલવાની વ્યવસ્થા કરવી જોઈએ.

## Mobile phone

**Question 5**

**Question 5 Part (a)**

**F1:** યુવાનો મોબાઇલ ફોનનો વધારે પડતો ઉપયોગ કરે છે.

**F2:** હા, સંદેશાવ્યવહાર, મનોરંજન અને રમતો રમવા માટે.

**Question 5 Part (b)**

**F1:** અને ભણતર માટે?

**F2:** તેઓ ઑનલાઇન માહિતી મેળવે છે.

**Question 5 Part (c)**

**F1:** કેમ?

**F2:** ઓછી મહેનતે તરત જાણકારી મળી જાય.

## Television programmes

**Question 6**

**M1:** મને ભારતીય રાંધણકળાના કાર્યક્રમો જોવા ગમે. જલદીથી બનતી વાનગીઓ શીખીને, સુંદર રીતે સજાવવાની અને પીરસવાની રીતો વિશે જાણી શકાય. આપણાં વ્યસ્ત જીવનમાં કેટલો સમય બચી જાય!

**M2:** મને તો સંગીતમય રમૂજી કાર્યક્રમો ગમે, જે ખૂબ મનોરંજક હોય છે. કલાકારો એટલું હસાવે કે થાક ઊતરી જાય અને મનને શાંતિ મળે.

**A golden opportunity**

**Question 7**

**Example:**

**F2:** જામનગરનાં યોગ તાલીમ કેન્દ્રમાં થયેલો અનુભવ મારા માટે યાદગાર હતો.

**Question 7**

**F2:** સમુદ્ર પાસે આવેલાં તાલીમ કેન્દ્રમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી માટે હજારો વિદેશીઓ દરિયાકાંઠે એકઠા થયા હતા. પ્રતિભાશાળી યોગી શિક્ષકો પાસેથી કેટલુંય શીખવા મળ્યું તેમજ, અનેક લોકો સાથે સંપર્ક થયો. તે ઉપરાંત, પૌષ્ટિક આહારથી થતા શારીરિક ફાયદાઓ વિશે ગુજરાતીમાં શિક્ષણ આપવાની મને સોનેરી તક મળી હતી.

## A green wedding

**Question 8**

**F1:** મોટી બહેનનાં લગ્ન અમે પર્યાવરણને લક્ષમાં રાખીને ઘરે જ ગોઠવ્યાં છે. રંગબેરંગી ફૂલોથી સુશોભિત વિશાળ બગીચામાં લીલાં પાનથી લગ્નનો મંચ સજાવીશું. સૂર્ય ઊર્જા વાપરવાથી વીજળીની બચત થશે. આમંત્રણપત્રિકાઓ ઇ-કાર્ડથી મોકલીશું. અમારા ખેતરનાં તાજાં શાકભાજી અને અનાજ વાપરીને બા સ્વાદિષ્ટ ભોજન બનાવશે એટલે પેટ્રોલ બાળીને બહારથી ભોજન મંગાવવાનો ખર્ચો નહિ થાય.

**Exotic destinations**

**Question 9**

**Example:**

**M1:** મારે તો પરીક્ષા પછી રજાનો આનંદ લેવા *મજુલી* જવું છે, જે સુંદર હોવાની સાથે ભીડથી દૂર છે.

**Question 9**

**M1:** *બ્રહ્મપુત્ર* નદીની વચ્ચે વસેલો *મજુલી* નામનો દુનિયાનો સૌથી મોટો નદી દ્વીપ, *આસામ*નું એક સાંસ્કૃતિક સ્થળ છે. ત્યાં પહોંચવા માટે પુલ ન હોવાથી હોડી લેવી પડે. અહીંની ખાસ વાત એ છે કે, દરેક રહેવાસીનાં ઘરમાં હોડી જોવા મળે. નદીમાં સહેલ કરતાં કરતાં હાથની બનાવેલી વિવિધ કારીગરીની વસ્તુઓ હોડીઓમાં વેચાતી દેખાય.

**F2:** સૂર્ય, રેતી અને સાગરનાં સૌંદર્યને માણવું હોય, તો જવું જોઈએ *દીવ*. આ સોહામણા સ્થળના ગોળાકાર કિનારે, ઝાડ નીચે બેસી, દરિયાનાં મોજા અને સૂર્યાસ્તનો આનંદ લેવા જેવો છે. *પોર્ટુગીઝ* શાસનના સમયમાં બનાવવામાં આવેલ પ્રાચીન કિલ્લાઓની યાદો, પર્યટકો સાથે લઈ જાય છે.

## Holiday choices

**Question 10**

**M1:** રજા એટલે નિરસ અને કંટાળાજનક જિંદગીમાં આવતું વિરામ સ્ટેશન. મને તો સ્વાસ્થ્ય જાળવવા માટે પર્વતારોહણ જેવી પ્રવૃત્તિઓ અને ગ્રામ્યપ્રદેશમાં પગપાળાના પ્રવાસો કરવા ગમે. પારુ, તને?

**F1:** ધવલ, મારું માનવું છે કે મોટાં વહાણમાં ફરવા જઈએ તો એક ખર્ચે, અનેક દેશોના લોકો સાથે મનોરંજક પ્રવૃત્તિઓ કરાય અને કેટલાંય સ્થળોની મુલાકાત લઈ શકાય. સંદીપ, તું કહે.

**M2:** પારુ, હું તો ફરવા સાથે સ્વયંસેવા કરીશ. લોકોને મદદ કરવાથી મનને ખૂબ સંતોષ મળશે. ધનુ, તને શું ગમે?

**F2:** મને તો જંગલની સફરમાં તંબુમાં રહેવું ગમે. છૂટથી ફરતાં પ્રાણીઓને જોવાનો આનંદ લઈ શકાય.

## An unforgettable experience

**Question 11**

**Example:**

**M1:** હું વિમાનમાં જવાનાં સ્વપ્નાં જોતો હતો. મારી ઇચ્છા પૂરી થઈ જ્યારે, પિતાજી સાથે શિયાળાની રજામાં પહેલી વખત વિમાનમાં સુરતથી *ભુજ* ગયો.

**Question 11**

**M1:** અમે હવાઈમથકે પહોંચ્યા તો વિમાન ત્રણ કલાક મોડું હોવાની સૂચના સાંભળી. પિતાજીએ અધિકારીને દસ્તાવેજો આપ્યા ત્યારે મારો પાસપોર્ટ ન મળે. સદ્દભાગ્યે, મને કામચલાઉ મુસાફરી પત્રક તરત જ મળી જતાં હું સફર કરી શક્યો.

*ભુજ* પહોંચ્યા તો મારી પેટી ગાયબ! પૂછપરછ કચેરીના અધિકારીએ જણાવ્યું, દિવસની એક જ ઉડાણ હોવાથી પેટી બીજે દિવસે આવશે. નિરાશ થઈને અમે હોટેલ પહોંચ્યા. ઓરડામાં ખાટલા અને કબાટ વચ્ચે ફક્ત દોઢ ફૂટનું અંતર હતું અને બાજુમાં લિફ્ટના ઘોંઘાટથી ઊંઘ પણ ન આવી. બીજે દિવસે, ફરિયાદ કરવાથી આરામદાયક ઓરડો તો મળ્યો પણ આ કડવો અનુભવ કદી નહિ ભૂલાય.

## Teacher’s Day celebration

**Question 12**

**F1:** નિશાળ એક બગીચો છે, જ્યાં વિવિધ રંગોનાં ફૂલોને જ્ઞાનરૂપી જળથી પોષવામાં આવે છે. વિદ્યાર્થીઓને સાચા-ખોટાની સમજ આપીને જીવનમાં સફળ થવા માટેનું માર્ગદર્શન શાળામાંથી જ મળે છે.

આ પ્રયત્નોને સમજીને મેળવેલા જ્ઞાન માટે આભાર માનવાની તક, બાળકોને શિક્ષકદિને મળે છે. તેઓ શિક્ષકો બની ગીતો, નૃત્યો તથા રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લઈને શાળાના કર્મચારીઓનું તથા આવેલ મહેમાનોનું મનોરંજન કરે છે.

**SECTION B**

## ઑનલાઇન અભ્યાસ

### સવાલ ૧૩

ઉદાહરણ:

**F2:** આપણાં જીવનની સફળતામાં શિક્ષણ મોટો ભાગ ભજવે છે.

### સવાલ ૧૩

**F2:** છેલ્લાં કેટલાંક વર્ષોથી વિશ્વવિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ કરવા કરતાં ઇન્ટરનેટના ઉપયોગથી પદવી મેળવવાનું વધુ લોકપ્રિય બન્યું છે. વિદ્યાર્થીઓ કોઈપણ સમયે આરામથી પોતાની ગતિએ અભ્યાસ કરી શકે છે. ક્ષણભરમાં માહિતી અને દિવસમાં ચોવીસે કલાક શિક્ષકનું માર્ગદર્શન મેળવી શકે છે.

ફી ભરવાની કે મુસાફરી કરવાની ચિંતા નહિ! જોખમકારક સમસ્યાઓને કારણે જો શૈક્ષણિક સ્થાનો બંધ કરવા પડે, તો પણ ઑનલાઇન શિક્ષણ અટકતું નથી. *ગૂગલ*-વર્ગ જેવી સુવિધાઓથી વિશ્વભરના સાથીદારો સાથે ગપ્પાં મારતાં મારતાં ભણી શકાય.

## મારું ભવિષ્યનું સપનું

### સવાલ ૧૪

**ઉદાહરણ:**

**M1:** વિદ્યાર્થીઓ પરંપરાગત વર્ગખંડમાં જ ભણીને પ્રગતિ કરી શકે એ વાતથી હું સહમત નથી.

### સવાલ ૧૪

**M1:** વિશ્વવિદ્યાલયમાં ભાષાશાસ્ત્રનો અભ્યાસ પૂરો કરીને હું કોઈ કંપની માટે કામ કરવા માંગતો નથી. ગુજરાતમાં *પ્યારી ભાષા* નામની ખુલ્લી નિશાળ સ્થાપવા માગું છું. પ્રાકૃતિક વાતાવરણમાં અનેક ભાષા બોલનાર શિક્ષકો, બાળકોની વિચારશક્તિ વિકસાવવામાં સહાય કરશે.

તાજી હવા અને આનંદમય વાતાવરણમાં વિવિધ ભાષામાં શબ્દોની અને વિચારોની આપલે કરવાથી બાળકોની કાલ્પનિક શક્તિ ખીલી શકે છે. તેઓ ઝાડપાન વિશે પણ જાણકારી પ્રાપ્ત કરી શકે છે. બોલવાની, સાંભળવાની અને લેખનકાર્યની પ્રવૃત્તિઓ બાળકોને હોશિયાર અને વધુ આત્મવિશ્વાસુ બનાવવા માટેની ચાવી છે. એટલું જ નહિ, માતા-પિતાને પણ ભાષા શીખવાના લાભો વિશે હું માહિતગાર કરવા માંગુ છું જેથી, તેઓ તેમનાં બાળકોને પ્રોત્સાહિત કરી શકે.